# ધરમપુર ભુંડીયા ગામે રાત્રે સગા દિકરાએ કોદાળીના ઘા ઝીંકી માતાનું ઢીમ ઢાળી દીધુ

## દારૂડીયા દિકરાની પૈસાની માંગણી પુરી નહી કરી શકતા માતાને ઢોર માર માર્યો, હત્યારા દિકરાની પોલીસે ધરપકડ કરી તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ધરમપુર (ભુંડીયા) ગામે ગઈકાલે રાત્રે સગા દિકરાએ માતાને લાકડી વડે ઢોર માર માર્યો હતો. પૈસાની માંગ નહી સંતોષતા ૭૦ વર્ષિય વૃધ્ધ માતાને દારૂના નશામાં કોદાળીના ઘા ઝીંકી જનેતાની કરપીણ હત્યા કરી હતી. પુત્રએ જ માતાનું ઢીમ ઢાળી દેતા ગામમાં પણ ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે ચિલોડા પોલીસે હત્યારા દિકરાની ધરપકડ કરી મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ આદરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં આવેલા ધરમપુર (ભુંડીયા) ગામે દારૂની લત ધરાવતા દિકરાને તેની વયોવૃધ્ધ માતા દારૂ પીવા અંગે કેટલીક વાર ઠપકો આપતી હતી.

ત્યારે બુધવારના રોજ રાત્રીના સમયે પૈસાની માંગણી પુરી નહી થતા માતાને મોતને ઘાટ ઉતારી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ધરમપુર ગામની સીમમાં ખેતરમાં રહેતા ૭૦ વર્ષિય વિધવા મધુબેન મનુસિંહ રાણાનો દિકરો પ્રવિણસિંહ (ઉં.૫૦) દારૂ પીવાની ટેવ ધરાવે છે. જેને પગલે તેની પત્નીએ છુટાછેડા લઈ લીધા છે. જયારે પ્રવિણસિંહના બે દિકરા પણ પિતાના ત્રાસના કારણે અન્ય સ્થળે રહે છે. મહિને બે વાર પુત્રો દાદી મધુબેનને ત્રણેક હજાર આપી જતા હતા. આ રૂપીયાથી મા-દિકરાનું ગુજરાન ચાલી જતુ હતું. પ્રવિણસિંહ દારૂની ટેવ ધરાવતો હોવાથી કોઈ કામ ધંધો કરતો ન હતો. કેટલાક સમયે વૃધ્ધ માતા સાથે પ્રવિણસિંહ ઝઘડો કરી પૈસાની માંગણી કરતો હતો. દારૂની કુટેવને પગલે મધુબેન ઠપકો આપવા જતા તો પ્રવિણસિંહ તેની માતાને પણ માર મારતો હતો.જયારે ઝઘડાને પગલે આસપાસના વૃધ્ધાને છોડાવવા માટે જાય તો પ્રવિણસિંહ તેમની સાથે પણ ઝઘડો કરે અને ગમે તેમ બોલતા કોઈ મદદ માટે જતુ ન હતું. ગઈરાત્રીના સમયે પ્રવિણસિંહ જોરજોરથી મધુબેનને ગાળો બોલી બુમો પાડી માં ઉભી થા ખોટા નાટક કરીશ નહી તેમ બોલી રહ્યો હતો. આ સાંભળી નજીકમાં રહેતો નિતિનસિંહ નરેન્દ્રસિંહ રાણાએ ખેતરમાં જઈ દુરથી જોતા મધુબેન તેમના મકાનની બહાર ખુલ્લી જગ્યામાં પડી રહ્યા હતા. તેઓ બોલી ચાલી રહ્યા ન હતા. જેથી નિતિને ૧૦૮ને કોલ કરતા મેડીકલ ટીમ આપી પહોચીને મધુબેનને મરણ જાહેર કર્યા હતા. ત્યારબાદ ચિલોડા પોલીસ ઘટના સ્થળે પહોંચીને તપાસ શરુ કરી હતી. બનાવ અંગે પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના દિકરાએ જ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ગઈકાલે રાત્રીના સમયે પૈસાની માંગ કરીને પ્રવિણસિંહે માતા સાથે બોલાચાલી કરી હતી. ત્યારબાદ વૃધ્ધાને લાકડી વડે ઢોર માર મારવા લાગ્યો હતો. તેમ છતા સંતોષ ન થતા પ્રવિણસિંહે કોદાળીના ઘા માથાના ભાગે મારી માતા મધુબેનનું ઢીમ ઢાળી દીધુ હતું. ત્યારબાદ મધુબેનના મૃતદેહને ઢસડીને ખાટલામાં મુકી ગાળો બોલી બુમો પાડી માં ઉઠ નાટક કરીશ નહી એમ બોલવા લાગ્યો હતો. ત્યારે બનાવને પગલે પ્રવિણસિંહની ચિલોડા પોલીસે ધરપકડ કરી લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આમા શું... કરીયાણુ ખરીદવા જઊ છુ તો રોજ ઘોળા દિવસે આવા તારા ભાળુ છુ...!!!

## આજે છાવણી ખાતે અર્બુદા સેના જેલભરો આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૦

આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે અર્બુદા સેનાના કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડશે. વિપુલ ચૌધરીને ન્યાય અપાવવા માટે અર્બુદા સેનાના કાર્યકરો મોરચો માંડશે. તા.૨૧ ના રોજ સરકાર સામે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરી જેલ ભરો આંદોલન કરશે. જયારે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરશે. મળતી વિગત મુજબ પૂર્વ ગૃહમંત્રી અને અમુલ ફેડરેશનના પૂર્વ ચેરમેન વિપુલભાઈ ચૌધરીને રાજકીય કિન્નાખોરીથી ખોટા કેસો ઉભા કરીને વિધાનસભા ચુંટણીમાં સક્રિય રહે નહી તે માટે સરકાર દ્વારા ધરપકડ કરવામાં આવી હોવાનું અર્બુદા સેનાના કાર્યકરો કહી રહ્યા છે. અગાઉ પણ દુધ સાગર ડેરીની ચુંટણીમાં ચુંટણી જાહેર થઈ તે જ દિવસે ધરપકડ કરાઈ હતી. વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે લોકશાહી પ્રક્રિયાનું હનન કરીને ધરપકડ કરવામાં આવી છે. ત્યારે વિપુલ ચૌધરીને ન્યાય નહી મળે તો અર્બુદા સેનાના કાર્યકરો, પશુપાલકો, સમાજના આગેવાનો, અનિશ્ચિત સમય મર્યાદા સુધી ધરણા, ઉપવાસ તેમજ જેલભરો આંદોલન કરશે તેમ અર્બુદા સેનાના કાર્યકરોએ જણાવ્યું છે.

## દિવાળી નિમિત્તે ટીંટોડા ગામ પંચાયત સમિતિનું સફાઇ અભિયાન



ગાંધીનગર, તા.૨૦

દિવાળી એટલે નવસર્જનનો ઉત્સવ, દિવાળી એટલે જુનું ખંખેરીને નવું ધારણ કરવાનો ઉત્સવ.. દિવાળીના આગમનને વધાવવા નાગરિકો પોતપોતાના ઘર-મકાન-ઓફિસ-દુકાન વગેરેની સાફસફાઈ હાથ ધરે છે. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે ગ્રામ પંચાયત સમિતિ દ્વારા દિવાળી નિમિત્તે ગામમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રકારનો નવતર અભિગમ ગ્રામજનોને સ્પર્શી ગયો હતો.

## મહુન્દ્રા ગ્રામ પંચાયત ખાતે ગ્રામસભાનું આયોજન કરાયું



ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકામાં ત્રણ દિવસ ગ્રામ્યકક્ષાએ ગ્રામસભાનું આયોજન કરાયું છે. જેમાં ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે ગ્રામ પંચાયતના સક્રિય અને જાગૃત સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, શાળાના શિક્ષકો, આંગણવાડીકર્મી, આશાવર્કર બહેનો તથા ગ્રામજનો હાજર રહ્યા હતા. આ સભામાં નવીન પાણી ટાંકી તેમજ નવીન બોર બનાવવાની વિસ્તૃત ચર્ચા-વિમર્સ કરવામાં આવી હતી. તેમજ વિવિધ વિસ્તારમાં ધ્યાનપૂર્વક ખૂટતી વિકાસલક્ષી કામગીરીને અગ્રીમતા આપવા ખાસ ચર્ચા કરવામાં આવી હતી.

## આખરે સિવિલમાં વિકાસના નામે વિનાશ..



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની બાજુમાં અન્ય આધુનિક ૧૦ માળની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનવા માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે બાજુમાં પાંચ માળનું ટ્રોમાં સેન્ટર પણ બનવાનું છે. જેથી મેડીકલ કોલેજના ગેટ થી પણ આગળ પાર્કિંગના કેટલાક હિસ્સા સુધી નવી બિલ્ડીંગ બનશે. ત્યારે જુની કેન્ટીન સામે જુના બાંકડા અને દર્દીના સગાઓને બેસવા માટે સાનુકુળ જગ્યા હતા.જયાં વૃક્ષો વધુ હોવાથી ભરઉનાળે છાંયડો રહેતો હતો. ત્યારે વિકાસ માટે વૃક્ષોનો વિનાશ થઈ રહ્યો છે. ત્યારે હાલ જગ્યા ચોખ્ખી કરવા માટે વન વિભાગ દ્વારા વૃક્ષોનું કટીંગ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ વિસ્તારમાંથી વૃક્ષો દુર કરી દેવામાં આવ્યા છે. ત્યારે નગરના પર્યાવરણ પ્રેમીઓમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે હાલ સિવિલમાં આડશ મુકી તંત્ર દ્વારા નવી હોસ્પિટલ અને ટ્રોમાં સેન્ટર માટે પુરજોશમાં કામગીરી ચાલી રહી છે.

## ખૂણેખાંચરેથી

- ડિફેન્સ એક્સ્પોને લઈ બે દિવસ બાદ આજે ટ્રાફિકનું ભારણ થોડુ હળવુ જરૂર થયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં બેવડી ઋતુને લઈ વાઈરલ બિમારીના ખાટલા વધ્યા છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ખાતે આજે માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.
- દહેગામ તાલુકાના કડાદરા ગામ પાસે આજે સવારે કાર અને એક્ટીવા વચ્ચે અકસ્માત થતાં એકનું મોત થયુ હતુ જયારે એક્ટીવા પર સવાર બીજી વ્યક્તીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.
- આગામી ૨૯મીએ પંચાયતની વિવિધ સંવર્ગોમાં નિમણુંક પામનાર યુવકોને એક કાર્યક્રમ યોજી નિમણુંક પત્રો આપશે.
- ગાંધીનગરમાં સરકારી કાર્યક્રમોનું ભારણ વધતાં તંત્ર હવે થાક અનુભવવા લાગ્યુ છે.
- ૨૫મીના ધોકાના દિવસે રજા આપવા અંગેનો સરકાર એકાદ દિવસમાં નિર્ણય કરશે તેમ મનાઈ રહ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં એસ.ટી.ની સેવાઓ અનિયમિત થતાં નગરજનોની પરેશાનીમાં વધારો થયો છે.
- ગાંધીનગર શહેરમાં ગિફ્ટ હેમ્પરોની ખરીદીનો ધમધમાટ વધુ જોવા મળ્યો છે.
- શહેરના વિવિધ બજારોમાં હવે ઘરાકી જામેલી જોવા મળી રહી છે.

### સરકારના ૨૦૧૭નાપરિપત્ર મુજબ નિર્ણય કરવા છતાં

## દશેલાના પશુપાલકો ગામતળના વાડા નિયમબધ્ધ કરવા લડતના મંડાણ કરશે





ગાંધીનગર,તા.૨૦

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં પરિપત્ર કરી ગામતળના વાડાને નિયમબદ્ધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ તેમાં શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓને બાકાત રાખવામાં આવ્યા હતા. જેથી શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ થયેલા ગામડાઓના પશુપાલકો-વાડાધારકોને અન્યાય થયો હતો. ત્યારે દશેલા ગામના પશુપાલકો છેલ્લા ઘણા સમયથી ગામતળના વાડા નિયમબદ્ધ કરવા માટે લડત આપી રહ્યા છે. તેમણે મહેસૂલ મંત્રી, મુખ્યમંત્રી કાર્યાલય સુધી રજૂઆતો કરી હતી પરંતુ સરકાર દ્વારા કોઈ જ નિર્ણય લેવામાં નહિ આવતા આખરે પશુપાલકોએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. ગામના ભુવનેશ્વર મહાદેવ મંદિરે મળેલી પશુપાલકોની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં મોટી સંખ્યામાં પશુપાલકો હાજર રહ્યા હતા. તો મહિલાઓ પણ જોડાઈ હતી.

## સરકારી વિનયન કોલેજ ખાતે ગાંધીજીના કાર્ટૂન ચિત્રોનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સેક્ટર-૧૭, ગાંધીનગર દ્વારા મહાત્મા ગાંધી જયંતિના ભાગરૂપે ગાંધીજીના આઝાદી સમયના વિવિધ દેશોના અખબારોમાં છપાયેલા કાર્ટુન ચિત્રોનું અલભ્ય પ્રદર્શન એક દિવસ માટે સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાયુ હતુ. આ પ્રદર્શન આયોજનમાં દિપક પટેલ, નિયામક તથા જિજ્ઞા મહેતા, કચેરી અધિક્ષક તથા વીણા પટેલ, કચેરી અધિક્ષક દ્વારા પ્રદર્શન અંગે જહેમત ઉઠાવી હતી. તેમજ અનુપા ચૌહાણ આચાર્ય, પ્રો. નરેન્દ્ર પરમાર તથા પ્રો. ડૉ. જનક ગઢવીના સાથ અને સહકારથી આ પ્રદર્શનમાં કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.



ખ-રોડથી સેક્ટર-૪ માં જવાના માર્ગની વચ્ચોવચ મસમોટુ ઝાડ છે. જો કોઈ વાહનચાલકને તેની જાણ ન હોય તો અંધારામાં અચૂક અકસ્માત થાય તેવી સ્થિતિ સર્જાય છે. વાહનચાલકોને નડતરરૂપ આ વૃક્ષને તાત્કાલિક હટાવવુ જરૂરી બન્યુ છે.





દિવાળીમાં ઘરની સાફ સફાઈ કરવામાં આવે અને નકામી અને જુની થઈ ગયેલી ચીજોને બહાર કાઢવામાં આવે જુના પરંતુ પહેરવાલાયક હોય તેવા વસ્ત્રોનો ઉપયોગ જરૂરીયાતમંદો કરી શકે તે હેતુથી સૌની દિવાલ બનાવવામાં આવી છે. પંચદેવ મંદિર પાસેની સૌની દિવાલ દિવાળી નજીક આવતા જૂના કપડાંઓથી જાણે ભરાઈ ગઈ છે. નીચે પણ કપડાંઓનો ઢગલો જોવા મળી રહ્યો છે.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ખાતે

## 'ભૂલી બિસરી ટ્રેડિશનલ રેસિપીઝ' થીમ પર ન્યુટ્રિશનલ ફૂડ ફેસ્ટિવલની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૦

આપણા રોજબરોજના ખોરાકમાં પોષક તત્વો મોટા પ્રમાણમાં ઓછા થઈ ગયા છે. સ્વાદ અને ઈન્સ્ટન્ટનેસ પ્રાથમિકતા બની ગઈ છે. આપણી પોષક ખાદ્ય પરંપરાને યાદ કરવા માટે સ્વસ્થવૃત્ત અને યોગ વિભાગ, અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ોફ ડિઝાઈનના સહયોગથી 'ભૂલી બિસરી ટ્રેડિશનલ રેસિપીઝ' થીમ પર ન્યુટ્રિશનલ ફૂડ ફેસ્ટિવલનું આયોજન કર્યુ હતું. વિદ્યાર્થીઓએ બનાવેલ 'સાત્વિક' વાનગીઓના ૩૫ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરંપરાગત વાનગીઓનો સ્વાદ ચાખ્યો અને જ્ઞાન મેળવ્યુ હતુ. આ થીમને વિસ્તારીને અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ આયુષ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ધન્વંતરી જયંતિ (ધનતેરસ) પર ઉજવવામાં આવતા આયુર્વેદ દિવસ માટે 'હર દિન હર ઘર આયુર્વેદ'ને અનુલક્ષી વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલી ૧૫ થી વધુ આયુર્વેદિક પ્રોડકટસને રજૂ કરવામાં આવી હતી.

## સાદરા વિદ્યાપીઠ સંકુલ ખાતે નો પ્લાસ્ટિક અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર,તા.૨૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા માનનીય વડાપ્રધાનનાં આહવાન અને રાજયપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતરગત સાદરા પરિસરમાં અને સાદરા ગામના લોકોને "નો પ્લાસ્ટિક ઝુંબેશ" વિશે અભિયાન ચલાવવામાં આવ્યું સાથે સાથે ૧૦૦ રાસેયોનાં સ્વયંસેવક દ્વારા લગભગ ૭૦૦ કિલો પ્લાસ્ટિક એકત્રિત કરવામાં આવ્યું અને તેનો નાબુદ પણ કરવામાં આવ્યું પરિસર ને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર અને વન અને પર્યાવરણ મંત્રાલય તરફથી ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકેની માન્યતા આપવામાં આવી છે આ પ્રવૃત્તિમાં વિશેષ રૂપે સાદરા ગામના સરપંચ શ્રી મહેશ ભાઈ રાવલ અને ગ્રામ પંચાયતનાં અન્ય સભ્યો, ડૉ અરવિંદ ભાઈ રામી અને ડૉ. વિજય ભાઈ મકવાણા દ્વારા કામગીરી કરવામાં આવી છે ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ પ્રાસંગિક સંબોધન અને કાર્યક્રમનની ભૂમિકા વિષય વાત કરી હતી આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી



## શહેર કોંગ્રેસ સમિતિમાં આર.ટી.આઈ. સેલમાં નરેશચંદ્ર એમ. પરમારની ચેરમેનપદે નિમણુંક

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા શહેર કોંગ્રેસ સમિતિના વોર્ડ ૬ ના પ્રમુખ અને પક્ષના સંનિષ્ઠ, સેવાભાવી કાર્યકર નરેશચંદ્ર એમ. પરમારને ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિમાં આર. ટી. આઈ. સેલના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવ્યા છે. જે શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યુ હતું.





દિવાળી એટલે ઉત્સાહ-ઉલ્લાસનો તહેવાર. આર્થિક સંકડામણનો સામનો કરતા પરિવારો પણ દિવાળીની ઉજવણી ધામધૂમથી કરી શકે તે માટે સેવા મારૂ જીવન પરિવારના સભ્યો દ્વારા જરૂરીયાતમંદોને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના પ્રદીપસિંહ વાઘેલાએ આ સેવાકાર્ય ઉપાડ્યુ છે.